# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોદી આજે નવી દિલ્હીમાં મહિલા અને બાળ વિકાસ શિખર સંમેલનને સંબોધિત કરશે.

2) ભારત એક સંપૂર્ણ ટેલિકોમ મૂલ્ય શૃંખલા તરફ આગળ વધી રહ્યું હોવાનું જણાવતાં કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા.

3) સરકારે નોન-શેડયુલ્ડ કેન્સર વિરોધી દવાઓ પર માર્જિન MRP ના 30% સુધી મર્યાદિત કર્યું

4) ટ્રમ્પ વહીવટીતંત્ર એ ચાર ભારતીય કંપનીઓ સહિત આઠ ટેક કંપનીઓ માટે રોજગાર આધારિત ગ્રીન કાર્ડ પ્રક્રિયા સ્થગિત કરી

5) ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી 20 ક્રિકેટ શ્રેણીનો બીજો મુકાબલો આજે રાંચી ખાતે રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM -WOMEN AND CHILD DEVELOPMENT SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના બે દિવસીય શિખર સંમેલનના સમાપન સત્રમાં હાજરી આપશે. ગઈકાલે શરૂ થયેલ આ સંમેલનમાં તમામ રાજ્યોના રાજકીય નેતાઓ અને મહિલા અને બાળ વિકાસ ક્ષેત્ર સાથે સંકળાયેલા અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

(બાઇટ – SHAKLANE)

# PM-GST-REFORM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે GST કાઉન્સિલ દ્વારા મંજૂર કરાયેલા GST સુધારાના નવા તબક્કાનું સ્વાગત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે ધરપકડની જોગવાઈઓ દૂર કરવા, અને પ્રક્રિયાઓને સરળ બનાવવા માટેની કાઉન્સિલની ભલામણોનો સકારાત્મક પ્રભાવ પડશે. શ્રી મોદીએ કહ્યું કે આ સુધારા GST ને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને નાગરિક-મૈત્રીપૂર્ણ બનાવવાના સરકારના સતત પ્રયાસોને અનુરૂપ છે.

# sNDIA-CEO ROUNDTABLE – IMC

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ જણાવ્યું છે કે ભારત એક સંપૂર્ણ ટેલિકોમ મૂલ્ય શૃંખલા તરફ આગળ વધી રહ્યું છે અને નિયમો, સાધનો અને નવીનતાને આકાર આપવામાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે નવી દિલ્હીમાં 10મી ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ (IMC) દરમિયાન આયોજિત ઉચ્ચ-સ્તરીય CEO ગોળમેજ સંમેલનમાં આ નિવેદન આપ્યું હતું. શ્રી સિંધિયાએ ભારતના ટેલિકોમ ક્ષેત્રના આગામી તબક્કાને આકાર આપવા માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચે ભાગીદારી-આધારિત અભિગમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે દેશના વિસ્તરતા ડિજિટલ ઇકોસિસ્ટમ અને ડિજિટલ જાહેર માળખા, ઉભરતી તકનીકો, નવીનતા અને આર્થિક વિકાસ માટે મૂળભૂત સક્ષમકર્તા તરીકે ટેલિકોમની વધતી ભૂમિકા પર પણ ચર્ચા કરી હતી.

# SHIVRAJCHAUHAN-RANCHI

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાંચીના ગઢખટંગા ખાતે ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ની ભારતીય કૃષિ બાયોટેકનોલોજી સંસ્થામાં અનેક નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું. આમાં વહીવટી-કમ-શાળા ભવન, બિરસા મુંડા બહુહેતુક હોલ, જયપાલ સિંહ મુંડા રમતગમત સંકુલનો સમાવેશ થાય છે. તેમણે સંસ્થામાં નવા અતિથિ ગૃહનો શિલાન્યાસ પણ કર્યો, જેનો ખર્ચ 119 કરોડ રૂપિયા થશે.

પોતાના સંબોધનમાં, શ્રી ચૌહાણે વૈજ્ઞાનિક ખેતી, સુધારેલા બીજ, સંકલિત ખેતી, સંતુલિત પોષક તત્વોનું સંચાલન અને ઝારખંડની સ્થાનિક પરિસ્થિતિઓને અનુરૂપ કૃષિ તકનીકોના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે ખેડૂતોને કૃષિ સંશોધન અને નવી તકનીકોનો પ્રસાર કરવાના સંસ્થાના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે ખેડૂતોને શિક્ષિત કરવા અને ખેતરોમાં કૃષિ માહિતીનો પ્રસાર કરવા માટે સતત પ્રયાસોની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

# GOVT-CANCER DRUGS

સરકારે નોન-શેડ્યુલ્ડ કેન્સર વિરોધી દવાઓના પુરવઠા અને વેચાણ પર વસૂલવામાં આવતા માર્જિનને મર્યાદિત કરી દીધું છે, જે મહત્તમ છૂટક કિંમત (MRP) પર 30 ટકા હશે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(બાઈટ - પાયલ)

# NTA -UGC NET

રાષ્ટ્રીય તપાસ સમિતિ (NTA) એ UGC NET ડિસેમ્બર 2026 સત્ર માટે નોંધણી શરૂ કરી છે. લાયક ઉમેદવારો જુનિયર રિસર્ચ ફેલોશિપ (JRF), આસિસ્ટન્ટ પ્રોફેસરશીપ અથવા પીએચડી પદો માટે વેબસાઇટ ugcnet.nta.nic.in દ્વારા ઓનલાઇન અરજી કરી શકે છે.

અરજી કરવાની છેલ્લી તારીખ 28 ઓક્ટોબર છે, તેથી ઉમેદવારોને છેલ્લી ઘડીના વિલંબને ટાળવા માટે શક્ય તેટલી વહેલી તકે તેમની અરજીઓ જમા કરવાની સલાહ આપવામાં આવે છે. પરીક્ષા 14 થી 19 ડિસેમ્બરની વચ્ચે યોજાશે.

અરજદારો વધુ માહિતી માટે સત્તાવાર વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CHATTISGADH CRPF

છત્તીસગઢના સુકમા જિલ્લામાં ગઈકાલે વિસ્ફોટકોને નિષ્ક્રિય કરતી વખતે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના ચાર જવાનો ઘાયલ થયા હતા.

## (V\C - VIKALP SHUKLA)

# INDIA-RIYADH

ભારતે છેલ્લા કેટલાક દિવસોમાં આભા આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર થયેલા હુમલાઓની કડક નિંદા કરી છે. આ હુમલાઓમાં અનેક નાગરિકોના મોત થયા હતા અને અન્ય લોકો ઘાયલ થયા હતા.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવી સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.

મંત્રાલયે કહ્યું કે ભારત હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. ભારતે કહ્યું કે તે સાઉદી અરેબિયાના લોકો અને સરકાર સાથે ઉભું છે.

રિયાધમાં ભારતીય દૂતાવાસે સાઉદી અરેબિયામાં રહેતા ભારતીય નાગરિકોને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સતર્ક રહેવાની સલાહ આપી છે. દૂતાવાસે એક સલાહકાર જારી કરીને ભારતીય નાગરિકોને તાજેતરની ઘટનાઓ સંબંધિત કોઈપણ વિડિઓઝ અથવા સમાચાર શેર કરવાથી દૂર રહેવાની સલાહ આપી છે. નાગરિકોને સ્થાનિક અધિકારીઓ દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. રિયાધમાં ભારતીય દૂતાવાસ, સેવાઓ સામાન્ય રીતે કાર્યરત છે.

# AMERIKA-GREENCARD

અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે આઠ મુખ્ય ટેકનોલોજી અને આઉટસોર્સિંગ કંપનીઓ માટે રોજગાર આધારિત ગ્રીન કાર્ડ પ્રક્રિયા સ્થગિત કરવાની જાહેરાત કરી છે. આમાં ભારતીય કંપનીઓ ઇન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો અને એચસીએલ, તેમજ કોગ્નિઝન્ટ, કેપજેમિની, માઇક્રોસોફ્ટ અને એડોબનો સમાવેશ થાય છે.

અમેરિકના શ્રમ મંત્રી કીથ સોન્ડરલિંગે જણાવ્યું હતું કે આ કંપનીઓ સામે ચાલી રહેલી ફેડરલ તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. પી ઈ આર એમ નામની આ પ્રક્રિયા, વિદેશી કામદારો માટે ગ્રીન કાર્ડ મેળવવા માંગતા નોકરીદાતાઓ માટે મહત્વપૂર્ણ છે. ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે આરોપ લગાવ્યો હતો કે, આ કંપનીઓ આ સિસ્ટમનો ઉપયોગ અમેરિકન કર્મચારીઓને ઓછા વેતન પર વિદેશી કામદારોને નોકરી પર રાખીને બદલી રહી કે, અમેરિકન વહીવટીતંત્રે હજુ સુધી તપાસના તારણો અથવા કંપનીઓ સામેના કથિત ઉલ્લંઘનોની વિગતવાર વિગતો જાહેર કરી નથી. આ સસ્પેન્શન PERM અરજીઓ પર લાગુ થશે અને હાલના H-1B વિઝા અથવા ગ્રીન કાર્ડ આપમેળે રદ કરશે નહીં.

દરમિયાન, માઇક્રોસોફ્ટે આ આરોપોને નકારી કાઢ્યા છે. કંપનીએ કહ્યું કે ગયા નાણાકીય વર્ષમાં તેણે દાખલ કરેલી આશરે 6,000 H-1B અરજીઓમાંથી 80 ટકા અરજીઓ હાલના કર્મચારીઓ માટે વિઝા વિસ્તરણ અથવા સ્થિતિ પરિવર્તન માટે હતી. આમાં નવી ભરતીઓનો સમાવેશ થતો ન હતો. કંપનીએ જણાવ્યું હતું કે બાકીની અરજીઓ એવા લોકો માટે હતી જેઓ પહેલાથી જ યુનાઇટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે રહેતા હતા. આ અરજીઓ દ્વારા કરવામાં આવેલી નવી ભરતીઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં કંપનીના કુલ કાર્યબળના આશરે એક ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

# AMERIKA –SCIENTIFICAWARD

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નડેલા સહિત છ અગ્રણી ટેકનોલોજી નિષ્ણાતોને વૈજ્ઞાનિક સિદ્ધિ અને ટેકનોલોજીકલ નવીનતા માટે સર્વોચ્ચ અમેરિકન પુરસ્કારોથી સન્માનિત કર્યા છે. શ્રી ટ્રમ્પે અમેરિકાના વૈશ્વિક સ્થાન માટે તેમના યોગદાનને મહત્વપૂર્ણ ગણાવ્યું.

શ્રી ટ્રમ્પે ન્યૂ ગોલ્ડન એજ સમિટમાં સત્યા નડેલા અને ડેલ ટેક્નોલોજીના સ્થાપક માઈકલ ડેલને નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી એન્ડ ઈનોવેશન અર્પણ કર્યું. એલોન મસ્ક, ગૂગલના સહ-સ્થાપક સેર્ગેઈ બ્રિન, એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ અને એએમડીના સીઈઓ લિસા સુને પણ નેશનલ મેડલ ઓફ સાયન્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમારોહમાં કૃત્રિમ બુદ્ધિ (AI), સેમિકન્ડક્ટર ટેકનોલોજી, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને અવકાશ ક્ષેત્રના અનેક અગ્રણી વ્યક્તિઓએ હાજરી આપી હતી.

શ્રી ટ્રમ્પે ખાસ કરીને સત્યા નડેલાની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે માઇક્રોસોફ્ટને વૈશ્વિક ટેકનોલોજી લીડર બનાવવામાં અને તેને AI માં મોખરે મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે માઇક્રોસોફ્ટની ક્લાઉડ કમ્પ્યુટિંગ ક્ષમતાઓ વિકસાવવા અને વિશ્વભરના વ્યવસાયો, વિદ્યાર્થીઓ અને ગ્રાહકો સુધી તેની પહોંચ વધારવામાં શ્રી નડેલાના યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો.

# CRICKET

ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી20 ક્રિકેટ શ્રેણીનો બીજો મુકાબલો આજે રાંચીના જેએસસીએ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

પ્રથમ મેચ જીતીને ભારત શ્રેણીમાં 1-0 થી આગળ છે.

# PATEKAR-FUNERAL

પીઢ અભિનેતા નાના પાટેકરના મહારાષ્ટ્રના પુણે સ્થિત તેમના ફાર્મહાઉસ, નાનાચી વાડી ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. તેમના પુત્ર, મલ્હાર પાટેકરે રાત્રે લગભગ 11:30 વાગ્યે પરિવારના સભ્યો, સંબંધીઓ, મિત્રો અને ચાહકોની હાજરીમાં અંતિમ સંસ્કાર કર્યા. અંતિમ સંસ્કાર પહેલા સ્વર્ગસ્થ અભિનેતાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવારે નાના પાટેકરના પુણે એરપોર્ટ પર આગમન પર શ્રદ્ધાંજલિ આપી. અંતિમ સંસ્કારમાં અનેક ફિલ્મ હસ્તીઓ પણ હાજર રહી હતી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે હિન્દી અને મરાઠી સિનેમામાં નાના પાટેકરનું વિશિષ્ટ યોગદાન પેઢીઓ સુધી યાદ રહેશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ

- આજના તમામ અખબારોએ નટસમ્રાટ નાના પાટેકરને શ્રદ્ધાંજલી પાઠવી છે...
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે ભારતીય આઈટી કંપનીઓની h-1B પ્રોગ્રામમાથી હકાલપટ્ટી... શેરબજારમા ધબડકો- રોકાણકારોની સંપતિમા 10 લાખ કરોડનુ ધોવાણ..
- નવગુજરાત સમયની હેડલાઈન છે રાહત- GST અધિકારીઓ હવે ધરપકડ નહીં કરી શકે...જ્ઞાનેશ કુમાર સામે સતત ત્રીજા દિવસે વિપક્ષી ગઠબંધનના પ્રહાર...
- સંદેશ અખબારોનુ મુખ્ય શિર્ષક છે જીએસટી હેઠળ અધિકારીઓની ધરપકડ કરવાના સતા નાબૂદ...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો હવે પ્રી-પીટીસી કોલેજોમા 24ને બદલે 30 વર્ષ સુધીના ઉમેદવારોને પ્રવેશ અપાશે.... ભાદરવામા આકરી ગરમીનો કહેર, ગુજરાતમા દિવસ તપ્યો અને રાતે અકળામણ... સૌરાષ્ટ્ર- ઉત્તર ગુજરાતના ભાગોમા દુષ્કાળ- રાહત અને ઘાસચારાની માંગ...અયોધ્યામા ગુજરાતના પ્રવાસીઓ માટે યાત્રી નિવાસનુ નિર્માણ થશે...અબકી બાર 100 કે પાર- તહેવારો સમયે શાકભાજીના ભાવ આસમાને... અંબાજી મંદિરના સુપ્રસિદ્ધ મોહનથાળ પ્રસાદને GI ટેગનો દરજ્જો પ્રાપ્ત..